ગુજરાતમાં કોરોનાનો આતંક : મૃત્યુ આંક ૧૦૩

ગુજરાતમાં કોરોના તાંડવ વચ્ચે કેસોની સંખ્યા ૨૪૦૭ થઇ

અમદાવાદમાં એક જ દિવસમાં ૧૨૩ કેસ વધતા ચિંતાજનક સ્થિતિ

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતમાં કોરોના તાંડવ જારી રહ્યો છે. દરરોજ વધુ સંખ્યામાં કેસોનો સિલસિલો જારી રહ્યો છે. આજે અમદાવાદમાં ૬૭ અને સુરતમાં ૫૧ કેસ સહિત કુલ ૧૩૫ કેસ સપાટી ઉપર આવતા કેસોની સંખ્યા વધીને ગુજરાતમાં ૨૪૦૭ પર પહોંચી હતી. આજે વધુ આઠ લોકોના મોત થતાં મોતનો આંકડો પણ ઝડપથી વધીને ૧૦૦ના આંકડાને પાર કરી ગયો છે. મોતનો આંકડો વધીને ૧૦૩ ઉપર પહોંચ્યો છે. આજે અમદાવાદમાં જે કેસ આવ્યા તે પૈકી ૪૮ પુરુષો અને ૧૯ મહિલાઓનો સમાવેશ થાય છે. હજુ સુધી પોઝિટિવ રહેલા દર્દીઓની સંખ્યા ૨૪૦૭ રહી છે. ૧૩ દર્દીઓ વેન્ટીલેટર પર છે. ૨૧૧૨ જેટલા દર્દી સ્થિર સ્થિતિમાં છે. કોરોના સામે જંગ જીત્યા બાદ ૧૭૯ દર્દીઓને રજા આપી દેવામાં આવી છે. હજુ સુધી ટેસ્ટની વાત કરવામાં આવે તો ૩૯૪૨૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી ૨૪૦૭ પોઝિટિવ અને ૩૭૦૧૪ નેગેટિવ રહ્યા છે. આજે આઠ લોકોના મોત થયા હતા જે પૈકી અમદાવાદની એસવીપીમાં પાંચના મોત થયા હતા જે પૈકી ૪૯ વર્ષીય પુરુષ, ૫૯ વર્ષીય પુરુષ, ૫૮ વર્ષીય પુરુષ, ૫૬ વર્ષીય પુરુષ અને ૫૫ વર્ષીય પુરુષનો સમાવેશ થાય છે. આ દર્દીઓને અન્ય બિમારીઓ હોવાની વિગતો પણ સપાટી ઉપર આવી છે. આજે અમદાવાદમાં ૩૦ને રજા આપવામાં આવી હતી જે પૈકી ૨૩ પુરુષ અને સાત મહિલાઓનો સમાવેશ થાય છે. ગુજરાતના સૌથી વધારે અસરગ્રસ્ત વિસ્તારમાં અમદાવાદ છે. ત્યારબાદ વડોદરા અને સુરતમાં પણ મોટી સંખ્યામાં કેસો છે. ગુજરાતમાં જે કેસો વધ્યા છે તે પૈકી મોટાભાગે અમદાવાદમાં વધી રહ્યા છે. અન્યત્ર સ્થિતિ કાબૂમાં આવી રહી છે પરંતુ અમદાવાદના લીધે આંકડો ઉલ્લેખનીયરીતે વધ્યો છે.આજે પણ કોરોના પ્રભાવિત વિસ્તારોમાં સઘન તપાસની કામગીરી યથાવત રીતે જારી રહી હતી. જેના ભાગરૂપે અમદાવાદમાં વધુ ૬૭ કેસો સપાટી પર આવ્યા હતા. હોટસ્પોટ બનેલા અને ખતરનાકરીતે કોરોનાના કેસો જ્યાં વધી રહ્યા છ. અમદાવાદમાં આજે જે ૬૭ પોઝિટિવ કેસ આવ્યા હતા. અમદાવાદમાં કેસોને રોકવા માટે વિવિધ પગલાની અસર દેખાઈ રહી છે. રાજ્યમાં કોરોનાને લઈને સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ રાજયમાં કોરોના પોઝિટિવના કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદ અને વડોદરા રાજ્યમાં હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે.

કારણ કે, આ બે જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઇ ગયું છે. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજ્યમા ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે જેમાં તમામ પ્રકારની સુવિધાઓ રાખવામાં આવી છે. લોકડાઉનની સ્થિતિ પ્રવર્તી રહી છે. તમામ નિષ્ણાતોના કહેવા મુજબ ગુજરાતમાં કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારઅહીં રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. અમદાવાદના જુદા જુદા ઝોનમાં સઘન કામગીરી ચાલી રહી છે.કોરોનાનો હાહાકાર જારી રહ્યો છે. સુરત અને વડોદરામાં પણ કેસોની સંખ્યામાં જોરદાર રીતે વધારો થઈ રહ્યો છે. જો કે રાજ્યના મોટા ભાગના કેસો અમદાવાદમાં રહ્યા છે. ક્વોરનટાઈનની વાત કરવામાં આવે તો ૨૮૫૯૧ હાલ હોમ ક્વોરનટાઈન છે જ્યારે ૩૪૨૬ સરકારી ફેસિલિટીમાં છે. કુલ ક્વોરનટાઈન હેઠળ રહેલા લોકોની સંખ્યા ૩૨૩૧૭ નોંધાઈ છે.

અમદાવાદ : ૧૫૦૧

મૃત્યુ : ૬૨, ડીસ્ચાર્જ : ૮૬

વડોદરા ૨૦૮	સુરત ૪૧૫	રાજકોટ ૪૧	ભાવનગર ૩૨	ભરૂચ ૨૪	આણંદ ૩૦	ગાંધીનગર ૧૭	પાટણ ૧૫
નર્મદા ૧૨	પોરબંદર ૦૩	બનાસકાંઠા ૧૬	મહેસાણા ૦૭	કચ્છ ૦૬	અરવલ્લી ૧૭	ગીરસોમનાથ ૦૩	મહીસાગર ૧૨
છોટાઉદેપુર ૧૧	પંચમહાલ ૧૧	જામનગર ૦૧	મોરબી ૦૧	સાબરકાંઠા ૦૩	દાહોદ ૦૪	બોટાદ ૦૯	ખેડા ૦૩
તાપી ૦૧	વલસાડ ૦૩	નવસારી ૦૧					

ઈસરી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી મહિલા પોલીસ કર્મચારી બે વર્ષના બાળક સાથે રેલ્લાવાડા સરહદ પર તૈનાત

એક તરફ કોરોના નો કહેર ચારે તરફ ફેલાયેલ છે અને વધુ ના ફેલાય તે માટે લોકડાઉન કરવામાં આવ્યું છે અને આ લોકડાઉનનો ચુસ્ત પાલન કરાવવા માટે પોલીસતંત્ર ખડે પગે રહે છે ત્યારે

લોકડાઉનનો ચુસ્ત અમલ કરાવનારને પણ ઘર પરિવાર હોય છે ત્યારે એવા જ એક મહિલા પોલીસ કોન્સ્ટેબલ કે જે કોરોના મહામારીને નાથવા લોકડાઉનનો ચુસ્ત અમલ કરાવવા માટે પોતાના ૨ વર્ષના વ્હાલસોયા બાળક સાથે રાખી અને અનોખી નિષ્ઠા સાથે એક સાચા યોદ્ધા તરીકે ફરજ બજાવી રહી છે.

મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં કોરોના પોઝિટિવના ૩ કેસ આવ્યા છે ત્યારે આ અંતરિયાળ વિસ્તારને સંપૂર્ણ લોકડાઉનનો અમલ કરવા માટે રેલાવડા ગામ તેમજ આસપાસના ગામોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ત્યારે રાજસ્થાનની સરહદે આવેલ રેલ્લાવાડા ગામે ભર બપોરે ધોમધખતા તાપમાં પુષ્પા કલાસવા નામની મહિલા પોલીસકર્મી તેના ૨ વર્ષના નાના સંતાન સાથે નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવી રહી છે. એક તરફ કોરોના મહામારીને નાથવા માટે ફરજ પ્રત્યે પણ વફાદારી બીજી તરફ નાના સંતાનને પણ સાચવવાની જવાબદારી બંને જવાબદારીઓને ખુશીથી વહન કરી એક સાચા યોદ્ધા તરીકેનું પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે.

પુષ્પાબેન કલાસવાએ જણાવ્યું હતું કે આવી મહામારી સમયે કોરોનાને હરાવવા માટે હું ફરજ પણ બજાવું છું અને મારા બાળકને પણ સાચવું છું હાલ આ વિસ્તારમાં કોરોનાના કેસો છે એટલે તેના માટે જરૂરી ઉપચારો માસ્ક સેનેટાઈઝર બધું ઉપયોગ કરું છું અને બંને તરફ વફાદારીથી ફરજ બજાવું છું.

આમ આવા કપરા સમયે પણ દેશ સેવા માં તત્પર રહી અને પોતાના સંતાનને પણ ફરજ પર સાથે રાખી એનું પણ જતન કરવાની જવાબદારી નિભાવતી મહિલા પોલીસ કોન્સ્ટેબલ પુષ્પા કલાસવા સાચા અર્થમાં કોરોનાના કહેરમાં એક સાચા યોદ્ધા તરીકે જોવા મળ્યા હતા.

કોરોનાના કહેર વચ્ચે વિધવા પુત્રવધુ પર સાસુ-સસરાનો અત્યાચાર

કોરોનાની મહામારી વચ્ચે ઘરેલુ હિંસાના ગુન્હાઓમાં નોંધપાત્ર વધારો થયો છે અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના મેવડા ગામે વિધવા પુત્રવધુ અને તેના ૮ વર્ષના પુત્રને મિલ્કતમાં ભાગ ન આપવો પડે તે માટે તેના સાસુ-સસરાએ ગડદા-પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી તગેડી મુકતા ભારે ચકચાર મચી છે. નિસહાય વિધવા મહિલાએ અસહ્ય બનેલા સાસુ-સસરા વિરુદ્ધ માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા માલપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર તાલુકાના જુના તખતપુરાની જયશ્રીબેન પુર્ષોત્તમભાઇ પટેલ નામની યુવતીનું સામાજિક રીતરિવાજ મુજબ મેવડા ગામે નૈનેશકુમાર રમણભાઈ પટેલ સાથે લગ્ન થયા હતા. લગ્ન જીવનના સુખી સંસારરૂપે એક પુત્રનો જન્મ થયો હતો, હાલ પુત્ર માલપુરની ખાનગી શાળામાં અભ્યાસ કરી રહ્યો છે. હર્યાભર્યા પરિવારને કોઈની નજર લાગી હોય તેમ એક વર્ષ અગાઉ નૈનેશ પટેલનું અગમ્ય કારણોસર મોત નિપજતા મહિલા પર આભ તૂટી પડ્યું હતું.

બનાસકાંઠાના તમામ ગામોને સેનિટાઈઝર કરવાની જવાબદારી બનાસ ડેરીએ ઉપાડી

ડીસા, તા. ૨૨

એશિયાની સૌથી મોટી બનાસ ડેરી કોરોના મહામારી વચ્ચે પોતાની સામાજિક જવાબદારી નિભાવી રહી છે. બનાસ ડેરીએ બનાસકાંઠા જિલ્લાના તમામ ગામોને તેને સેનેટાઈઝ કરવાની કામગીરી હાથ ધરી છે. બનાસડેરીના પશુપાલકો અને બનાસવાસીઓમાં કોરોનાનું સંક્રમણ ન વધે તે માટે ગામડામાં જાહેર સ્થળો, મકાનો તેમજ જે આવશ્યક સેવાની દુકાનો છે તે તમામને બનાસ ડેરીના કર્મચારીઓ સેનેટાઈઝ કરી રહ્યા છે.

સમગ્ર દેશમાં વૈશ્વિક કોરોના મહામારી છે ત્યારે એશિયાની સૌથી મોટી ડેરી સામાજિક જવાબદારી નિભાવવાની કામગીરી હાથ ધરી છે. બનાસ ડેરી દ્વારા બનાસકાંઠા જિલ્લાના તમામ ગામોને સેનેટાઈઝ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત અત્યાર સુધી ૧૨૫થી વધુ ગામોને સેનેટાઈઝ કરવામાં આવ્યા છે. ન માત્ર દૂધ મંડળી પરંતુ ગામના તમામ રસ્તાઓ, મકાનો તેમજ આવશ્યક ચીજવસ્તુઓ માટે લોકોની અવરજવર થતી દુકાનો પર બનાસડેરીની સેનેટારાઈઝર ટીમ

કામગીરી કરે છે. બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી તથા નિયામક મંડળે કોરોના મહામારી વચ્ચે તમામ ગામો સેનેટાઈઝ થાય તે માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી છે. આ અંગે બનાસડેરીના વાઇસ ચેરમેન માવજીભાઈ દેસાઈ એ જણાવ્યું હતું કે, કોરોના વાયરસને લીધે બનાસ ડેરી દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે જિલ્લાના તમામ ગામને સેનેટાઈઝ કરવાની કામગીરી હાથ ધરી છે. જેમાં ગુરૂવારે ડીસાના થેરવાડા ગામની દુધ મંડળી સહિત સંપૂર્ણ ગામને સેનિટાઈઝ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૧૨૫થી વધુ ગામોમાં સેનિટાઈઝરની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

જીલ્લાના ૧૫૦૦ જેટલા ગામો ને સેનેટાઈઝ કરવા માટે બનાસ ડેરી દ્વારા અલગ અલગ ટીમો બનાવવામાં આવી છે. જે ટીમો ગામડાઓમાં જઈ ગામડાઓને સેનેટાઈઝ કરી રહી છે. એક ટકો સોડિયમ હાઈપોક્લોરાઈડનું પાણી સાથે દ્રાવણ બનાવી તેનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. બનાસ ડેરીની આ કામગીરીને સ્થાનિક લોકો પણ વખાણી રહ્યા છે. મહામારીના સમયે લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરતી બનાસ ડેરી સંકટના સમયે સેવા કરી રહી છે.

દેશમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચેપના ૫,૨૧૮ કેસ નોંધાયા છે. ત્યારબાદ, ગુજરાતમાં ચેપગ્રસ્ત લોકોની સંખ્યામાં મોટો વધારો જોવા મળ્યો હતો અને ચેપગ્રસ્તની સંખ્યા વધીને ૨,૧૭૮ થઈ ગઈ છે. અહીં સુધીમાં ૯૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. તે જ સમયે, મધ્યપ્રદેશના કિસ્સામાં, કોવિડ -૧૯ ચેપગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૧,૫૫૨ થઈ છે જ્યારે મૃત્યુઆંક ૮૦ છે.

દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા ૨૦,૩૨૮ થઈ ગઈ અને ૬૫૨ લોકોના મોત થયા છે. હવે ભારત અમેરિકા, સ્પેન, ઈટલી, ફ્રાન્સ, જર્મની, બ્રિટન સહિત એ ૧૭ દેશમાં સામેલ થઈ ગયું છે, જ્યા સંક્રમણના ૨૦ હજારથી વધારે કેસ છે. બુધવારે મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરેના આવાસ પર તહેનાત એક પોલીસકર્મી કોરોના પોઝિટિવ મળી આવ્યો છે. રાજસ્થાનમાં ૬૪ અને ઓરિસ્સામાં ૩ નવા દર્દી મળ્યા છે. દેશમાં મંગળવાર રાત સુધી ૧૫૩૭ નવા દર્દી સામે આવ્યા હતા. આ સંખ્યા સતત ચોથા દિવસે ૧ હજારથી વધારે છે. ગઈકાલે રેકોર્ડ ૭૦૨ દર્દી સાજા થયા છે.

બુધવારે પંજાબથી ૨૪૩ દ્રઈંને લઈને કતાર એરવેઝનું વિમાન રવાના થયું છે. આ વિમાન પહેલા દોહા અને પછી કેનેડા જશે. દિલ્હીમાં આઝાદપુર શાકભાજી મંડી ખોલવામાં આવી છે. અહીંયા મંગળવાર રાત ૧૦ વાગ્યાથી બુધવાર સવાર સુધી વાહનોની અવર જવર ચાલું રહેશે, આનાથી મંડીની આસપાસના વિસ્તારમાં જામ લાગી ગયો છે. મંડીમાં શાકભાજી અને ફળોનું વેચાણ સવાર ૬ થી ૧૦ વાગ્યા સુધી કરવામાં આવશે.

રાજધાની દિલ્હીમાં પણ કોરોના ચેપનો મામલો વધી રહ્યો છે. રાજધાનીમાં અત્યાર સુધીમાં ૨,૧૫૬ કેસોમાં કોરોનાવાયરસ ૧,૪૯૮ સક્રિય કેસ છે. જ્યારે કોવિડ -૧૯ રોગચાળાને કારણે ૪૭ લોકોનાં મોત નીપજ્યાં છે, ૬૧૧ લોકો સંપૂર્ણ સ્વસ્થ થયા છે.

કોરોના સંકટ વચ્ચે ઉત્તરાખંડ ખાતે આવેલા કેદારનાથ મંદિરના કપાટ ૨૯ એપ્રિલે ખુલશે. રુદ્રપ્રયાગ જિલ્લાના ડીએમ મંગેશ ઘિલ્ડિયાલે કહ્યું કે, આ અવસરે મુખ્ય પૂજારી સહિત કુલ ૧૬ લોકો હાજર રહેશે. કોઈ પણ શ્રદ્ધાળુઓને દર્શનની મંજૂરી આપવામાં નહીં આવે.

હરિયાણા સરકારે ચીનની કંપનીને આપેલો ૧ લાખ રેપિડ કીટનો ઓર્ડર રદ કર્યો છે. ચીન બમણો ભાવ લઈ રહ્યું છે. હરિયાણાની ખટ્ટર સરકારે હવે આ કીટ સાઉથ કોરિયાની કંપની પાસેથી લેવાનો નિર્ણય કર્યો છે. બીજી બાજુ અન્ય ઘણા રાજ્યોની સરકારોએ તેની ક્વોલિટી પર સવાલ ઉઠાવ્યો છે.

૭૭ લાખ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સૂત્રોએ જણાવ્યુ કે કલોલ તાલુકા માટે રૂ. ૧૮,૩૫,૦૦૦, ગાંધીનગર માટે રૂ. ૨૧,૫૦,૦૦૦, દહેગામ તાલુકા માટે ૨૧,૦૦,૦૦૦ અને માણસા તાલુકા માટે ૧૬,૦૫,૦૦૦ ની રકમ ફાળવવામાં આવી છે. અર્થાત્ કુલ રૂ. ૭૬,૯૦,૦૦૦ની આ ફાળવણીમાંથી ૫૦ ટકા પ્રમાણે પ્રથમ હપ્તા પેટે રૂ. ૩૮,૪૫,૦૦૦ની ફાળવણી જે તે તાલુકા વિકાસ અધિકારીને કરવામાં આવી છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે કોવિડ-૧૯ના સંક્રમણને નાથવા માટે સેનીટાઈઝેશન અંતર્ગત કામો કરવા બાબતે તાલુકા હેલ્થ ઓફિસર, મેડિકલ ઓફિસરના સંપર્કમાં રહી તમામ જનતાને આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે અંગેની કાર્યવાહી સુનિશ્ચિત કરવાની રહેશે. તમામ ગામે સ્વચ્છતાની કાર્યવાહી તથા જંતુનાશક દવાના છંટકાવ અંગેની કાર્યવાહી પણ સંબંધિત તા.વિ. અધિકારી તથા સરપંચોના સંપર્કમાં રહી કરવાની રહેશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લા પંચાયત સ્વભંડોળની ગ્રાન્ટના ખર્ચ માટે નક્કી કરવામાં આવેલ પ્રક્રિયામાં કોઈ છુટ આપવામાં આવતી નથી એટલે કે પહેલા પ્લાન, એસ્ટીમેટ બનાવવા જોઈશે અને ટેકનીકલ મંજૂરી સક્ષમ અધિકારી પાસેથી મેળવવાની રહેશે. ગ્રામ પંચાયત વિસ્તારના જાહેર ઉપયોગની મિલ્કતો જેવી કે જાહેર રસ્તા, શાળા, કોલેજ, આંગણવાડી, દવાખાના, પુસ્તકાલય, કોમ્યુનિટી હોલ, પંચાયત ઘર, બજાર, બેંક, પોસ્ટ ઓફિસ, સી.એચ.સી., પશુદવાખાનુ, ગ્રામ પંચાયત કચેરી, સેવા સહકારી મંડળી, દૂધ ઉત્પાદક મંડળી જેવી ઈમારતોને જંતુમુક્ત (ફ્યુમીગેશન) અને સેનીટાઈઝેશન કરવા તથા માસ્ક તેમજ સફાઈ કામદારો માટે હેન્ડ ગ્લોવઝ તથા પ્રોટેક્ટીવ ગોગલ્સ જેવી વ્યવસ્થાઓ કરવા ગ્રાન્ટનો ઉપયોગ કરવાનો રહેશે.

આ ઉપરાંત જાહેર સ્થળોએ હેન્ડવોશની સુવિધા ઉભી કરવાની રહેશે. તા.વિકાસ અધિકારીનો અભિપ્રાય લઈને જ સેનીટેશન અને આરોગ્ય વિષયક ચીજવસ્તુઓની ખરીદી કરવાની રહેશે. ગ્રાન્ટનો ઉપયોગ આરોગ્ય વિષયક અંતર્ગત કામો માટે જ કરવાનો રહેશે. કામગીરી સંબંધી ફોટા તેમજ રોજકામ જેવુ દસ્તાવેજીકરણ પણ પંચાયતોએ કરવાનું રહેશે. એટલુ જ નહિ પણ આ અંગેના હિસાબોનું ઓડિટ પણ કરાવવાનું રહેશે.

નેતા બન્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કંપની મોર્નિંગ કન્સલ્ટન્ટ પોલિટિકલ ઈન્ટેલીજન્સના કહેવા મુજબ ૧૪મી એપ્રિલના દિવસે મોદીની લોકપ્રિયતા અને રેટિંગ ૬૮ ટકા છે જે વર્ષની શરૂઆતમાં ૬૨ ટકા હતી. મોદીની રેટિંગમાં સુધાર થવા માટે કેટલાક કારણો રહેલા છે. કોરોના વાયરસને હાથ ધરવા માટે મોદી દ્વારા કરવામાં આવેલી તૈયારીને પણ લોકો મહત્વ આપી રહ્યા છે જેના કારણે તેમની લોકપ્રિયતામાં વધારો થયો છે. ૨૫મી માર્ચના દિવસે દેશમાં લોકડાઉનની જાહેરાત મોદીએ કરી હતી જેને ૧૪મી એપ્રિલના દિવસે ૧૯ દિવસ માટે વધારવાની જાહેરાત કરવામાં આવી હતી. સાર્ક દેશોની વિડિયો કોન્ફરન્સિંગ હોય કે પછી જી-૨૦ દેશોની બેઠક યોજવા માટે પહેલ હોય તમામ મામલામાં મોદી તમામ લીડરોથી આગળ નિકળી ગયા છે. દુનિયામાં સૌથી લોકપ્રિય નેતા તરીકે ઉભરી આવ્યા છે. આ તમામ કારણોસર મોદી અભૂતપૂર્વ રહ્યા છે. આ ઉપરાંત જરૂરી દવાઓની નિકાસથી પ્રતિબંધ દૂર કરી મદદ કરવાની તેમની પહેલનો પણ દુનિયાના દેશોએ સ્વાગત કર્યું છે. લોકડાઉનના પરિણામ સ્વરુપે વિલંબના લીધે ટ્રમ્પની લોકપ્રિયતા ઘટીને ૪૩ ટકા થઈ ગઈ છે. અમેરિકામાં કોરોનાથી ૪૦૦૦૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. ટ્રમ્પની વિશ્વભરમાં ટિકા થઈ રહી છે. કોરોના વાયરસની ગંભીર સ્થિતિ હોવા છતાં ટ્રમ્પે લોકડાઉનમાં લાપરવાહી દર્શાવીને વિલંબ કર્યો હતો જેના લીધે આજે અમેરિકાની હાલત દુનિયાના તમામ દેશો કરતા વધારે ખરાબ થઈ છે. અમેરિકામાં પ્રમુખની ચૂંટણી આડે હવે વધારે સમય નથી ત્યારે ટ્રમ્પની મુશ્કેલીઓ વધી રહી છે.

હુમલા બદલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સ્થિતિમાં તેમની સુરક્ષા માટે સરકાર કાનૂન લાવે તે ખુબ જરૂરી છે. ગૃહમંત્રીએ ખાતરી આપતા કહ્યું હતું કે, ડોક્ટરો અને નર્સોની સુરક્ષા સાથે કોઇ બાંધછોડ કરવામાં આવશે નહીં. એનએસએ, આઈપીસી અને સીઆરપીસી હોવા છતાં આ વટહુકમ લાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, ૧૨૩ વર્ષ જુના કાનૂનમાં ફેરફાર કરીને તબીબો પર હુમલાને ચલાવી લેવામાં આવશે નહીં. ગંભીર મામલામાં હુમલો કરનારને છ મહિનાથી લઈને સાત વર્ષ સુધીની સજા થઈ શકે છે. ગાડી અથવા ક્લિનિકને નુકસાન કરવા બદલ બજાર રેટ કરતા બે ગણી રકમ હુમલાખોરો પાસેથી વસુલ કરવામાં આવશે. જાવડેકરે સાથે એમ પણ કહ્યું હતું કે, સરકારે કોરોના સંકટને દૂર કરવા માટે હજુ સુધી શ્રેણીબદ્ધ નવા પગલા લીધા છે. હજુ પગલા લેવામાં આવી રહ્યા છે.

પ્રસંગસર... અનુસંધાન પાના નં. ૬ નું ચાલુ

પુસ્તક એટલે માત્ર સાહિત્ય નહીં પરંતુ સમસ્ત વિશ્વને સમજવાનું એક સશક્ત માધ્યમ . જે વ્યક્તિનું વાંચન અને તેનો અભ્યાસ ખૂબ જ પ્રબળ હશે તેનું વ્યક્તિત્વ પ્રભાવી જ હશે. વ્યક્તિત્વ ઘડતરમાં આવા સશક્ત માધ્યમનો ઉપયોગ આપણે જેટલો વધુ કરીશું તેનાથી આપણને તો લાભ થશે જ, આખરે સમાજને પણ લાભ થશે. કારણ કે સમાજને પણ ક્યારેક માર્ગદર્શકની જરૂર પડતી હોય છે અને આવા માર્ગદર્શકો પુસ્તક ના સહારે જ સહારે જ સમાજને તેમનું મૂલ્યવાન પ્રદાન આપતા આવ્યા છે ત્યારે આપણે આજના આ વિશ્વ પુસ્તક દિવસે સંકલ્પ કરીએ કે આપણે તો ઠીક પરંતુ આપણા સંતાનો તેઓને ગમે તેવા કોઈપણ ક્ષેત્રના પુસ્તકોનો અભ્યાસ કરી તેઓની વાંચન રુચિ કેળવે.

આપણા વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી હતા, સમગ્ર રાજ્યમાં વાંચે ગુજરાત અંતર્ગત વિદ્યાર્થીઓમાં વાંચન રૂચી કેળવાય અને તેમનું ઘડતર થાય તેવા ઉમદા હેતુ સાથે સમગ્ર રાજ્યમાં એક અભિયાન શરૂ કરેલું અને આ અભિયાનના ખૂબ જ સુંદર પરિણામો પણ આપણને આજે મળતા થયા છે ત્યારે આપણે સંકલ્પ કરીએ કે આપણે આપણી વાંચનની ઋચિ કેળવીને કેળવીને આપણા બાળકોને પણ વાંચન તરફ પ્રેરિત કરીને તેમના વ્યક્તિત્વ ઘડતરની દિશામાં દિશામાં મહત્વનું યોગદાન આપીએ. વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે આ જ સાચો સંકલ્પ છે.